૮૦૧ / ૯૨૫

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૮ જૂન, ૨૦૦૬)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્રશ્ન.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. ગોપીઓના દૃષ્ટાંતે પ્રેમનું લક્ષણ
૨. ગ. મ. ૩૩ પ્રમાણે શ્રીજીમહારાજનું નિર્દોષ સ્વરૂપ તથા સ્થિતિ.
૩. આંબલીના કચૂકાનું દૃષ્ટાંત.
૪. ગ. મ. ૭ પ્રમાણે તરત વિકાર માત્ર ટાળ્યાનો ઉપાય.
૫. ભગવાનને સંતમાં હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. માટે વૈરાગ્યનું બળ હોય ........ અતિ દૃઢ કરીને રાખવા.
૨. માટે જેટલા ત્યાગી છે ........ પણ સુખ ન થાય.
૩. અને ભગવાનના જે ........ ભગવાનના યશને જ સાંભળે.
૪. જે ગૃહસ્થ હોય તે તો ........ હરિભક્તમાં મોટેરો જાણવો.
૫. ભગવાન ને ભગવાનના જે સંત ........ અતિશય બળ આવે છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. ઇન્દ્રિયોનો સંયમ
૨. પુરુષોત્તમનારાયણનું સમર્થપણું

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (ગુણ ૬)

૧. છેલ્લો જન્મ ક્યારે થાય ?
૨. અધર્મ સર્ગ માટે સ્વામી કઈ સાખી બોલ્યા ?
૩. સ્વામી સૂતા હતા તે બેઠા થઈને કયો પ્રશ્ન પૂછ્યો ?
૪. વિષય બાંધે એવા છે એ ક્યાં સુધી જણાય નહિ ?
૫. ગુરુ કર્યા ક્યારે કહેવાય ?
૬. પતંગિયાં કોનો અભિપ્રાય જાણી શકતાં નથી ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગ્યા પૂરો.** (ગુણ ૪)

૧. જીવ મહારાજને ................. સમજવામાં અટકે છે. (પુરુષોત્તમ, દિવ્ય, નિર્ગુણ)
૨. બીજા અવતારે ..................... પળાવ્યા વિના કલ્યાણ કર્યાં છે. (સ્વધર્મ, વર્તમાન, નિયમ-ધર્મ)
૩. તેમજ મુમુક્ષુ હોય તે જો શ્રદ્ધાએ કરીને ............ નો મન, કર્મ, વચને સંગ કરે છે તો તે બ્રહ્મરૂપ થાય છે. (સાધુ, સત્પુરુષ, સંત)
૪. તમારા ................ સામું જોઈએ છીએ તો તમે પુરુષોત્તમ જણાઓ છો. (નેત્રકમળ, મુખારવિંદ, ચરણારવિંદ)

**(ક) અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. કુસંગ અને સત્સંગનો વિવેક
૨. ગુણાતીતાનંદ સ્વામીના ચાર પ્રશ્નો અને મહારાજના પ્રત્યુત્તર
૩. જ્ઞાન પ્રાપ્તિનો મહિમા

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ૨' નવી આવૃત્તિના આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. કચ્છમાં સત્સંગનો પ્રારંભ અને શ્રીહરિની લીલાઓ.
૨. ''આજે તો ભગવાન મુમુક્ષુઓને ખોળે છે.'' - મુમુક્ષુઓને મળેલા નીલકંઠ.
૩. વનવિચરણ દરમ્યાન નીલકંઠવર્ણીનો પ્રૌઢ પ્રતાપ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. મુક્તાનંદ સ્વામીને કાલવાણીમાં પ્રતીતિ
૨. પુલહાશ્રમમાં કઠોર તપશ્ચર્યા
૩. રામપ્રતાપભાઈ અને સુવાસિનીભાભીની વિરહ વ્યથા.
૪. શ્રીહરિ ભાદરામાં

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૬ જુલાઈ, ૨૦૦૬ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૮ જૂન, ૨૦૦૬ પરીક્ષા : સત્સંગ પ્રાજ્ઞ-૨(૧) માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો. ૮૦૧

પરીક્ષાર્થીની અટક :-
પરીક્ષા આપી તે તારીખ :-
પરીક્ષાર્થીનું નામ :-
પરીક્ષા આપી તે સમય :-
પિતા / પતિનું નામ :-
બેઠક ક્રમાંક :-
પરીક્ષા સ્થળનું નામ :-
કેન્દ્ર નંબર :-
પરીક્ષાર્થીની સહી :-
કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**